
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




**Vol-2 * Issue-6**

**APRIL-2002**

ચૈત્ર

એપ્રિલ-૨૦૦૨

આત્મ સંવત : ૧૦૬

વીર સંવત : ૨૫૨૮

વિક્રમ સંવત : ૨૦૫૮

પુસ્તક : ૯૯


मनोविकारसम्मार्ष्टा विश्वजेतृशिरोमणिः ।
जगद्विजयतो ह्यात्मविजयः सुमहत्तरः ॥

*

મનના વિકારોને જેણે સાફ કરી નાખ્યા છે તે જગત્‌ના વિજેતાઓમાં શિરોમણિ છે. નિઃસંદેહ, જગત્‌ના વિજય કરતાં આત્માનો વિજય ઘણો જ મહાન છે. ૧૫

*

He who has washed off all impurities of mind, is the greatest of all the conquerors in the world, since the victory over the self is much higher than the victory over the world. 15

*(કલ્યાણભારતી ચેપ્ટર-૪ : ગાથા-૧૫, પૃષ્ઠ-૫૯)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જેના ઘરમાં ભક્તિગાન | | ૧ |
| (૨) | મહાવીરના સિદ્ધાંતો અત્યારે પણ એટલા યથાર્થ | મહેન્દ્ર પુનાતર | ૨ |
| (૩) | હિમાલયની પત્રયાત્રા | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૬ |
| (૪) | યોગી ન બનો તો ઉપયોગી તો બનો જ | મુનિશ્રી રાજરત્નવિજય | ૧૧ |
| (૫) | અષ્ટાપદ–કૈલાસ માનસરોવર યાત્રા (૧) | કાંતિલાલ દીપચંદ શાહ | ૧૩ |
| (૫) | ભગવાન મહાવીર અને આપણે | આ.શ્રી વિજયરત્નભૂષણ સૂરિજી મ.સા. | ૧૫ |
| (૬) | અખાત્રીજનું મહત્વ | રજુકર્તા : દિવ્યકાંત સલોત | ૧૬ |
| (૭) | પ્રભુ પરાયણતામાં આનંદ રહેલો છે | રજુકર્તા : મુકેશ એ. સરવૈયા | ૧૭ |


### * ગુણ ગ્રહણ કરો *

આપણી દૃષ્ટિ હંમેશા અન્યના અવગુણો જોવામાં જ મસ્ત હોય છે. પરંતુ આપણે સ્વયં કેવા છીએ? તેનો જરા પણ વિચાર કરતા નથી અને હંમેશા બીજાને કાગદૃષ્ટિએ જ જોઈ રહ્યા છીએ.

કાગડામાં કર્કશતા અને કાળાશ બાહ્ય રીતે ભલે નજરે જણાતા હોય પરંતુ તેનામાં રહેલા ગુણોને આપણી દૃષ્ટિ વડે જોવા જોઈએ. કાગડામાં પણ એક મહત્વનો ગુણ રહેલો છે.

કાગડો કયારેય પણ પોતાના બંધુઓને મુકીને, એકલો ખાતો નથી. થોડામાંથી પણ થોડું આપવું એ મોટામાં મોટો મહત્વનો ગુણ કાગડામાં જ છે.

આપણે પણ કાગડામાં રહેલા ગુણને જોઈ, આપણા બંધુઓને "થોડામાંથી પણ થોડું આપવું" એવો નિશ્ચય કરીએ.

ટાઈટલ પેઈજ ઉપર આપની જાહેરખબરની અમો અપેક્ષા રાખીએ છીએ. સહકારની અપેક્ષા સાથે.

*લિ. શ્રી આત્માનંદ પ્રકાશ*
*તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનુ મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ
(૩) જશવંતરાય સી. ગાંધી—ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કે. મહેતા—મંત્રી
(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—મંત્રી
(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી
(૭) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

# જેના ઘરમાં ભક્તિ ગાન

(રાગ : મૈત્રી ભાવનું ઝરણું)

જેના ઘરમાં ભક્તિ ગાન,
તે ઘર આવે છે ભગવાન;
જયાં છે સંત તણાં સન્માન,
એ ઘર આવે છે ભગવાન...૧

ઘરનાં સૌ એ સંપી રહેતા,
એક બીજાને દોષ ન દેતા;
નાના મોટા સૌ એ સમાન,
એ ઘર આવે છે ભગવાન...૨

એક બીજાનું હિત વિચારી,
મીઠી વાણીને ઉચ્ચરવી;
રાખી સ્વધર્મ કેરૂં ભાન,
એ ઘર આવે છે ભગવાન...૩

માત પિતાના એ સંસ્કારો,
ઉતરે બાળકમાં આચારો;
વિકસે કુટુંબનું ઉદ્યાન,
એ ઘર આવે છે ભગવાન...૪

એની સુવાસ વિશ્વે વ્યાપે,
દેવો આવી થાણું થાપે;
ગોવિંદ એ ઘર સ્વર્ગસમાન,
એ ઘર આવે છે ભગવાન...૫

*રજૂકર્તા : મોદીભાઈ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન પરંપરા જીવન જીવવાનો ઉત્તમ માર્ગ છે : મહાવીરના સિદ્ધાંતો અત્યારે પણ એટલા જ યથાર્થ

—મહેન્દ્ર પુનાતર

જૈન ધર્મ શ્રમણ સંસ્કૃતિનું પ્રદાન છે. જીવનની મૂળભૂત સમસ્યાઓનું તેમાં સમાધાન છે. મહાવીરદર્શનનો મૂળભૂત આધાર અહિંસા, પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ, દયા, કરુણા અને સમાનતાનો ભાવ છે. સંસારની બધી સમસ્યાઓના મૂળમાં અસમાનતા રહેલી છે. આ અસમાનતા દૂર થાય તો માનવજાતની મોટા-ભાગની વ્યથાઓનો અંત આવી જાય. માનવી માનવી વચ્ચે ભેદભાવ કરાવનારા અને અંતર ઊભું કરનારા ત્રણ મુખ્ય બળો છેઃ ઈચ્છા, આસક્તિ અને તૃષ્ણા. આ ત્રણે બળો પર માણસ વિજય મેળવે તો દુઃખદર્દનો નાશ થાય અને માણસ આંતરિક શાંતિનો અનુભવ કરી શકે.

જૈન વિચારધારામાં ભગવાન મહાવીરે પ્રરૂપેલા સિદ્ધાંતો આદર્શ સમાજ રચના માટેના ઉત્તમ સિદ્ધાંતો છે. જો સમાજમાં ઊંચનીચના ભેદભાવ ન હોય, અસમાનતા ન હોય, પરિગ્રહ અને સંચયની ભાવના ન હોય, અહિંસા, દયા, કરુણા અને પ્રેમ હોય અને ક્ષમા—મૈત્રીનો ભાવ હોય એ સમાજ કદી દુઃખી લાચાર કે અશાંત હોય શકે નહીં. જૈન પરંપરાએ જીવન જીવવાનો ઉત્તમ માર્ગ બતાવ્યો છે. પરિગ્રહ અને ધનનો સંચય ન હોય તો આર્થિક અસમાનતા ઓછી થઈ જાય. શોષણ, સંગ્રહખોરી, કાળા બજાર, ભેળસેળ, છેતરપિંડી દૂર થાય અને કુદરતી સાધનોનો જીવન જીવવા માટે સંયમપૂર્વક, જરૂર પૂરતો ઉપયોગ થાય અને પર્યાવરણની સમતુલા ડગે નહીં તો માનવજાત સુખરૂપ રહી શકે. કુદરતે આ પૃથ્વી પર તમામ જીવો પોતાની રીતે જીવી શકે એવી સુંદર વ્યવસ્થા કરી છે, પરંતુ માનવીએ આ સમતુલાને ડગમગાવી દીધી છે. પ્રદૂષણ અને શોષણરહિત અહિંસક સમાજ રચનાનો ખ્યાલ ભગવાન મહાવીરે આપ્યો છે.

જૈન ધર્મમાં અહિંસાને અનેરું મહત્ત્વ આપવામાં આવ્યું છે. જૈન ધર્મમાંથી અહિંસાને બાદ કરો તો કશું બચે નહીં. જૈન ધર્મ સિવાય દુનિયામાં બીજો કોઈ ધર્મ નથી જેણે અહિંસાને પોતાનું શિખર બનાવ્યું હોય. મહાવીરની સમગ્ર વિચારધારામાં અહિંસાનું મહત્ત્વ અનોખું છે. અહિંસા જૈન ધર્મનો પ્રાણ છે એટલે જ કહેવાયું છે કે અહિંસા પરમોધર્મ. ધર્મ મંગલ છે કયો ધર્મ? અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ. અહિંસા ધર્મનો આત્મા છે. હિંસા પેદા શા માટે થાય છે? જીવવેષણામાંથી, જીવનની આકાંક્ષામાંથી હિંસા જન્મે છે. સૌ કોઈ જીવવા આતુર છે. બીજાને ભોગે. પણ આપણે જીવવા માંગીએ છીએ. જો એવો વિકલ્પ આવી જાય તો આખા જગતને મિટાવીને પણ માણસ જીવવાની ઈચ્છા કરશે. જીવેષણાનો ત્યાગ એટલે માણસનો અહિંસાના જગતમાં પ્રવેશ. જીવેષણાનો ત્યાગ એટલે મરવાની આકાંક્ષા નથી, પણ શરીર પ્રત્યેનો મોહ દૂર કરવાની વાત છે. જીવેષણાનો ત્યાગ કરનાર માણસ બીજાના ભોગે જીવવાનો પ્રયાસ કરશે નહીં. જીવનમાં મૃત્યુ તો આવવાનું છે, પરંતુ તેનો સહજતાથી સ્વીકાર કરવાની વાત છે. વાસનાને છોડવાની વાત છે. મૃત્યુ સમયે મૃત્યુની પીડા હોતી નથી, પરંતુ જીવનમાં ઘણું કરવાનું બાકી રહી ગયું તેની પીડા હોય છે. જીવેષણા છે એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ મારું અને આ તારું છે. ભ. મહાવીરે હિંસાના સૂક્ષ્મ સ્વરૂપનો વિચાર કર્યો છે. કોઈને મારી નાખવાથી જ હિંસા થતી નથી. કામ, ક્રોધ, મોહ, લોભ અને પરિગ્રહ પણ હિંસાના સ્વરૂપો છે. વસ્તુઓ અને વ્યક્તિઓ પરનું આધિપત્ય એ પણ હિંસા છે. જો માલિકીનો ભાવ ખતમ થઈ જાય તો પરિગ્રહ પણ રહે નહીં અને હિંસા પણ રહે નહિં. ભગવાન મહાવીરે કહ્યું છે કે 'તમામ જીવો પ્રત્યે આત્મવત ભાવ રાખો. જેવું તમે ઈચ્છો છો તેવું બીજા પ્રત્યે દાખવો. પ્રાણીમાત્ર સુખ ઇચ્છે છે, આ સુખનો ભાવ સ્વભાવગત છે.

જૈન ધર્મમાં કહ્યું છે કે જીવ વહો અપ્પ વહો. કોઈપણ જીવની હત્યા એ પોતાની હત્યા છે. જીવદયા એ આપણી પોતાની દયા છે.

ભ. મહાવીરે કહ્યું છે કે તમે પોતાના માટે ઇચ્છો છો તે બીજાના માટે પણ ઇચ્છો અને જે તમારા માટે ઇચ્છતા નથી એ બીજા માટે પણ ન ઇચ્છો. જિન શાસનનો આ મુખ્ય સાર છે. તીર્થંકરનો આ ઉપદેશ છે. આ સૂત્રમાં ભ. મહાવીરે ઇચ્છાની ધારને નાબૂદ કરી છે. આપણે જેવું ઇચ્છીએ એવું બીજા માટે ઇચ્છવાનું હોય તો ઇચ્છાનો કશો અર્થ રહે નહીં.

ભ. મહાવીરે એક મહત્ત્વપૂર્ણ વાત કહી છે: તમે તમારા શત્રુ છો અને તમે તમારા મિત્ર છો. કોઈ બીજો શત્રુ નથી. તમે યોગ્ય માર્ગે ચાલો છો ત્યારે તમે તમારા મિત્ર છો અને ખોટા માર્ગે ચાલો છો ત્યારે તમે તમારા દુશ્મન છો. આપણે જ્યારે ક્રોધ કરીએ છીએ ત્યારે સામા માણસને દુઃખ પહોંચે છે કે કેમ તે નિશ્ચિત નથી, પરંતુ આપણને પોતાને દુઃખ પહોંચે છે તેમાં કોઈ શંકા નથી. ક્રોધ શાંત બનીને થઈ શકતો નથી, એને માટે ઉકળવું પડે છે. સુખ અને દુઃખ કોઈ આપણને આપી શકતું નથી સિવાય કે તે લેવા માટે આપણે ઉત્સુક હોઈએ.

આ બધા સૂત્રો જીવન માટેના ઉપયોગી સૂત્રો છે. જીવનના તમામ વહેવારમાં તે યથાર્થ છે. ક્રોધ, લોભ, મોહ, પરિગ્રહ, સુખ–દુઃખ, અપેક્ષા આ બધુ પાર કરીને માણસે કેવી રીતે જીવવું એ મહાવીર દર્શને બતાવ્યું છે. જીવનના સંદર્ભમાં આપણે મહાવીરદર્શનની ઝલક જોઈ, હવે આપણે વિશ્વની દૃષ્ટિએ તેનું શું મહત્ત્વ છે તેનો ખ્યાલ કરીએ.

દુનિયાના મોટાભાગના ધર્મસેવાના ધર્મો છે. જૈન ધર્મે આત્મકલ્યાણ પર ભાર મૂક્યો છે. આમ છતાં જૈન ધર્મમાં સેવાનો જે ખ્યાલ કરવામાં આવ્યો છે તે અનોખો છે. આ સેવાનો ખરો અર્થ હજુ લોકોને સમજાયો નથી. જૈન ધર્મ કહે છે વૈયાવૃત-સેવા એ શ્રાવકનું પરમ કર્તવ્ય છે, પરંતુ આમાંથી કશું મેળવવાનું નથી કે કશી અપેક્ષા રાખવાની નથી. સેવા દ્વારા પુણ્ય મળશે. સેવા દ્વારા મોક્ષ મળશે એવો અર્થ અન્ય ધર્મોએ બતાવ્યો છે. આમાં સેવા સાધના છે અને મુક્તિ સાધ્ય છે. આમા સેવાનું પ્રયોજન રહેલું છે. સેવાની આ ધારણા વાસનાપ્રેરિત છે. મહાવીરનો સેવાનો અર્થ છે જેમાં કોઈપણ જાતનું પ્રયોજન નહીં હોવું જોઈએ. જેમાં કોઈ હેતુ હોય, જેમાં કાંઈ મળવાનું હોય તેને સેવા ગણી શકાય નહીં. સેવા એકદમ નિષ્પ્રયોજન અને હેતુવિહીન હોવી જોઈએ.

જૈનધર્મનું મહત્ત્વનું પ્રદાન શાકાહાર છે. આહાર માટે કોઈપણ જાતની હિંસાનો નિષેધ છે. શાકાહાર આરોગ્ય માટે પણ ખૂબ જ ઉપયોગી છે એવું હવે દુનિયાના લોકો માનતા થયા છે અને શાકાહાર તરફથી ઝુંબેશ આગળ વળી છે. શાકાહારથી આહાર માટે મોટા પાયા પર થતી હિંસાને રોકી શકાય તેમ છે. જૈન ધર્મે પર્યાવરણ પર સવિશેષ ભાર મૂક્યો છે. મહાવીરે કહ્યું છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'જીવનના તમામ આયામોમાં સંતુલન જરૂરી છે. પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને આકાશ એ જીવનના તત્ત્વો છે તેનો સંયમપૂર્વક ઉપયોગ થવો જોઈએ.' માનવજાતે કુદરતી સંપત્તિનો બેફામ ઉપયોગ કરીને આ ધરતીને નર્ક જેવી બનાવી નાખી છે. આપણે જંગલોને કાપી નાખ્યા છે અને સજીવ સૃષ્ટિનો નાશ કર્યો છે. પૃથ્વી પરનું આ નિકંદન ચાલુ રહેશે તો સર્વનાશ સિવાય બીજો કોઈ આરો રહેશે નહીં.

અનેકાન્તવાદ—સ્યાદ્વાદ એ ભ. મહાવીરની આ જગત માટેની અનોખી ભેટ છે. દુનિયામાં જે કાંઈ સંઘર્ષો છે એના મૂળમાં હું કહું એ જ સાચું છે એવો આગ્રહ રહેલો છે. જગતમાં જે કાંઈ વિવાદો છે એ સત્યના વિવાદો નથી પણ 'હું'ના વિવાદો છે. સત્યના અનેક પાસાઓ છે. આ બધા પાસાઓને જોડીને સત્ય તરફ આગળ વધી શકાય છે. સત્યની સંપૂર્ણ અભિવ્યક્તિ શક્ય નથી. આંખે જોયેલું અને કાને સાંભળેલું પણ સંપૂર્ણ સત્ય કદાચ હોઈ શકે નહીં. જોતી વખતે અને સાંભળતી વખતે માણસ પોતાના રંગોને તેમાં પૂરી લે છે. મહાવીરનું સત્ય વિશાળ હતું, અસીમ હતું. જેમાં બીજાના સત્યોનો પણ સમાવેશ થતો હતો. એટલે જ મહાવીર જ એવી વ્યક્તિ છે જે પોતાના વિરોધીને તું સાચો હોઈ શકે છે એમ કહી શકે. દુનિયામાં બીજાના સત્યને આપણે સમજી શકીએ તો મોટાભાગની વિટંબણાઓ દૂર થઈ શકે. મહાવીર કહે છે કે કોઈપણ જાતનો આગ્રહ ન રહે ત્યારે સત્ય સુધી પહોંચી શકાય. 'હું કહું એ જ સાચું' એમ આપણે જ્યારે માનીએ છીએ ત્યારે માલિકીપણું આવી જાય છે. સત્યના સિદ્ધાંતને આપણે સંકોચી લઈએ છીએ. સત્યનો આ પરિગ્રહ છે અને જ્યાં માલિકીભાવ અને પરિગ્રહ છે ત્યાં હિંસા પણ છે. સત્ય ભાષામાં ઊતરે છે ત્યારે વાંકું થઈ જાય છે અને એક કાનેથી બીજા કાને જાય છે ત્યારે સત્ય સત્ય જ રહેતું નથી.

મહાવીરે જીવન અને ધર્મની ઘણી તરલ વાતો કહી છે. મહાવીરનો અહિંસાનો સંદેશો જગતની ભાષાઓમાં હજુ પહોંચ્યો નથી. આ અંગે પૂરતા સઘન પ્રયાસો કરવાની જરૂર છે. મહાવીરના સિદ્ધાંતો જગતને સમજાય એની આજે તાતી જરૂર છે. મહાવીરના અહિંસાના સંદેશાને જગત યથાર્થ રીતે સમજશે તો વિશ્વને દુઃખ અને અશાંતિમાંથી બહાર કાઢી શકાશે.

*(તા. ૧૫-૪-૨૦૦૧ના મુંબઈ સમાચારના જિનદર્શન વિભાગમાંથી સાભાર)*

**Universal** AGENCIES
Press road, volkart gate, BHAVNAGAR-364001
Phone : (O)428557/427954 Fax : (0278) 421674
E-mail : universal agencies@usa.net
**OUR QUALITY PRODUCTS**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુવાસનું સ્મારક

ધૂપસળીને સળગાવતાં માનવીએ ધૂપસળીને પ્રશ્ન પૂછ્યો કે “હે ધૂપસળી ! તારી જિંદગી શું બળી બળીને ખલાસ થવા માટે છે ?”

ચારે તરફ સુગંધ ફેલાવતી અને આછું હાસ્ય રેલાવતી ધૂપસળી બોલી : “માનવ ! સુવાસ દ્વારા સૌને પ્રફુલ્લિત કરી, મારું અસ્તિત્વ જો ખલાસ થઈ જાય તો મારા જીવન માટે એનાથી મોટું સૌભાગ્ય શું હોય ?”

આપણે પણ આપણા જીવનને ધૂપસળીની જેમ સુવાસિત બનાવી, વિદાય વેળાએ સુવાસનું સ્મારક મૂકતાં જવાનો સંકલ્પ કરીએ.

❀

કંટકના ઢગલા આવે તો,
પુષ્પ બની પથરાઈ જજે;
દુર્ગંધ ભરેલી આ દુનિયામાં,
પરિમલ થઈ ફેલાઈ જજે.

❀

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

❀

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિમાલયની પત્રયાત્રા

*આલેખક : પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મ.*
*પ્રેષક : પૂ. આ. વિ. પ્રદ્યુમ્નસૂરિશ્વરજી મ.*

ઘંટાકર્ણનાં બદરી આજુબાજુના પ્રદેશમાં મંદિરો છે. અહીં આ સ્પષ્ટ માન્યતા છે કે ઘંટાકર્ણ એ પિશાચ છે. અને આ પ્રદેશના ક્ષેત્રપાલ છે. ઘંટાકર્ણના ભક્ત ઉપાસકોનાં કુટુંબો આ પ્રદેશમાં છે.

ઘંટાકર્ણ શિવજી (મહાદેવજી)ના પરમભક્ત હોવાથી બીજા કોઈનું નામ કાનમાં પડી ન જાય એ માટે કાનમાં ઘંટ લટકાવીને ફરતા હતા. તેથી એ ઘંટાકર્ણ કહેવાય છે.

મહાદેવજીએ ઘંટાકર્ણને એકવાર કહ્યું કે તું બદરીનાથની ભક્તિ કર તારું કલ્યાણ થશે. પછી એ બદરીનાથ પાસે બે ખભા ઉપર બે મડદાં લઈને આવ્યા. પછી બદરીનાથે કહ્યું કે 'તું મારા મંદિરની ચોકી કરજે અને ત્યાં પશુઓનું બલિદાન ના લઈશ.'

બદરીનાથના મંદિરમાં પ્રવેશ કર્યા પછી ખુલ્લો ચોક આવે છે. અને તેમાં બદરીવિશાલ (બદરીનાથ) નું મંદિર છે. ચોકમાં બદરીનાથના મંદિરને પ્રદક્ષિણા દેવાની ખુલ્લી જગ્યા છે. આ જગ્યામાં મહાલક્ષ્મી માતાનું મંદિર તથા આદ્ય શંકરાચાર્યની ગાદી તથા બીજા કેટલાક નાની નાની દેરીઓનાં મંદિર છે. તથા પ્રવચન આપવા માટેની તેમજ બેસવા માટેની થોડી ઓટલા જેવી જગ્યાઓ છે.

આ ચોકમાં પ્રવેશ કરતાં જમણી બાજુએ ઘંટાકર્ણની પણ નાની દેરી છે. ઘંટાકર્ણને આ મંદિરના રક્ષક ક્ષેત્રપાલ તરીકે માનીને લોકો ભેટ ચડાવે છે. બદરી ગામમાં રહેલા ઘંટાકર્ણના કુટુંબોમાંથી આના પૂજારીઓ વારાફરતી બદલાયા કરે છે. જેમનો વારો હોય તે પૂજારી આ ભેટની રકમ લઈ જાય છે. બદરીનાથ—કેદારનાથના તીર્થની જે કમિટી સરકાર તરફથી નિમાયેલી છે તેને આમાંથી કંઈ મળતું નથી.

જયારે બદરીનાથ મંદિરના કમાડ કાર્તિક માસમાં (સુદિમાં કે વદિમાં) બંધ થાય છે ત્યારે છેલ્લા ઘંટાકર્ણનું મંદિર બંધ કરાય છે, અને જયારે વૈશાખ માસમાં બદરીનાથનાં કમાડ ખોલવામાં આવે છે ત્યારે ઘંટાકર્ણની દેરી ખોલ્યા પછી તેમની પૂજા કર્યા પછી બદરીનાથનાં કમાડ ખોલાય છે. આ એક ત્યાંની પરંપરા છે.

આપણા શ્રાવકોએ આદિનાથ નિર્વાણ કલ્યાણક ટ્રસ્ટના નામે જે જગ્યા લઈને ધર્મશાળા આદિ બાંધવાનું કામ કર્યું છે તે ઘંટાકર્ણના ભક્તોની જગ્યા છે.

બદરીનાથના ચોકમાં જે ઘંટાકર્ણની દેરી છે તે સિવાય જયાં પાંડુકેશ્વર તથા માનામાં ઘંટાકર્ણનું મંદિર છે ત્યાં પશુબલિદાન દેવાની પ્રથા ચાલુ છે. હિમાલયના પ્રદેશમાં આવા પશુબલિદાનનો અનેક સ્થાનોમાં ચાલુ છે. વાર તહેવારે બકરાં, ઘેટાં, ભેંસો, પાડાનાં બલિદાન દેવાય છે. તથા કથિત સાધુ સંન્યાસી તેમજ શંકરાચાર્યોને આનો કોઈ જોરદાર વાંધો નથી. એમનો વાંધો માત્ર ગોવધ સામે જ છે.

પશુબલિદાનનો વિરોધ કરવાની એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્થાના સભ્ય અમારા પાસે આર્થિક મદદ માગવા આવ્યા હતા. અમે અમુક મદદ અપાવી પણ હતી. અને કહ્યું કે શંકરાચાર્યો પાસે કરોડોની સંપત્તિ છે, તેમની પાસે જઈને માગો ને. ત્યારે તેમણે કહ્યું કે શંકરાચાર્ય કહે છે અમે તમારા પાસેથી દાન લેનારા માણસો છીએ. અમે આપનારા નથી.

અમે હતા ત્યારે જોશીમઠના એક શંકરાચાર્ય માધવાશ્રમ, બદરીનાથના દર્શન માટે ભક્તો તથા સાધુઓની નાની ફોજ લઈને ત્યાં આવેલા હતા. ત્યારે તેમના અનુયાયીઓ જે સૂત્રો પોકારતા હતા તેમાં 'ગોવધ બંધ કરો. સનાતન ધર્મનો જય હો' આવાં સૂત્રો જ હતાં. અમે આ બધું નજરે જોયું છે તથા સાંભળ્યું છે. એમને જીવહિંસા છે તથા એમને જીવહિંસા બંધ કરવામાં કોઈ જ વિશિષ્ટ રસ નથી. ભલે એ અદ્વૈતવાદની તથા ગીતાની વાતો કરતા હોય. ગોવધ બંધીમાં જ એમને રસ છે.

આપણા આદિનાથ નિર્વાણ કલ્યાણક ટ્રસ્ટે બંધાવેલા સ્થાનમાં ઘંટાકર્ણનું મંદિર બાંધી આપવા માટે એક ભક્તની માંગણી (ઓફર) મારા પાસે આવી હતી. પણ જયારે ત્યાંના એક મહાધિપતિને વાત કરી ત્યારે તેમણે મને કહ્યું હતું કે જો ઘંટાકર્ણનું મંદિર બાંધશો તો ત્યાં પશુબલિદાન ચાલુ થશે એમ સમજી લેશો.

આ પ્રદેશની થોડી જાણવા જેવી પ્રાસંગિક વાત છે.

સં. ૨૦૫૭ શ્રાવણ સુદિ ૮, તા. ૨૭-૭-૦૧
C/o જૈનશ્વેતાંબર સોસાયટી,
શિખરજી (જિલ્લો–ગિરિડીહ) ઝારખંડ રાજ્ય
પીન–૮૨૫૩૨૯

આ.મ.શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ,

વંદના. પુરુષાદાનીય પરમાત્મા શ્રી પાર્શ્વનાથ ભગવાનનું આજે નિર્વાણ કલ્યાણક છે. આ શિખરજી ઉપર ભગવાન અહીં જ મોક્ષમાં પધાર્યા હતા. ભગવાનની કૃપાથી જ અમે પણ અહીં ચોમાસું રહ્યા છીએ. ભગવાન જે સ્થળે મોક્ષમાં પધાર્યા હતા તે પારસનાથ હીલ તરીકે ઓળખાય છે અને તે શિખરજી ઉપરનું સૌથી ઊંચું શિખર છે. પ્રબળ પુણ્યનો ઉદય હોય તો જ દેવ–ગુરુકૃપાથી જ આ સ્થાનના દર્શન–સ્પર્શ–વંદનનો લાભ મળે.

બદરીનાથમાં હિમાલયના શિખરે ૨૦૫૬નું ચોમાસું પૂર્ણ કરીને ઋષિકેશ–હરિદ્વાર આવીને હરિદ્વારથી માગશર સુદિ પાંચમે ડિસેમ્બર ૧-૧૨-૨૦૦૦ શુક્રવારે શિખરજી તરફનો અમારો વિહાર શરૂ થયો. વિવિધ તીર્થોની તથા ક્ષેત્રોની સ્પર્શના કરતા કરતા વૈશાખવદિ ૨ તા. ૮-૫-૨૦૦૧ બુધવારે અમે અહીં આવ્યા. હરિદ્વારથી બદરીનાથના માર્ગનો હેવાલ તમને લખ્યો જ છે. હવે હરિદ્વારથી જે રસ્તે અમે અહીં આવ્યા છીએ તેનો હેવાલ લખવા ઘણીવાર વિચાર તથા પ્રયત્ન કર્યો. પણ રસ્તો ઘણો જ લાંબો. સવાર–સાંજ 'બાંધ ગઠરીયાં' ને છોડ ગઠરિયાં' ચાલ્યા જ કરે એટલે લખવાનો સમય મળતો નહોતો. અહીં આવ્યા પછી પણ ઘણી શાસ્ત્રસ્વાધ્યાયની પ્રવૃત્તિ જે કારણે સમય મળી શક્યો નથી. પણ અવસરે જરૂર લખવા ભાવના છે. હરિદ્વારથી નીકળ્યા પછી, અહિચ્છત્રા–શ્રાવસ્તી–અયોધ્યા રત્નપુરી–ગોરખપુર–કુશીનગર–વૈશાલી–પટના–કુંડલપુર–રાજગૃહી – પાવાપુરી – ક્ષત્રિયકુંડ–કાકંદી–ચંપાપુરી–ઋજુવાલિકાની યાત્રા કરી આવ્યા છીએ. આ યાત્રાનો હેવાલ પછી નિરાંતે લખાશે. તે પહેલા હિમાલય યાત્રાની થોડીક પૂર્તિ કરી લઉં.

હરિદ્વાર–ઋષિકેશ–બદરીનાથના પ્રદેશમાં લગભગ દોઢેક વર્ષ અમારે રહેવાનું થયું. અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદિરો, મઠો, આશ્રમો, મહંતો, તથા કથિત સાધુઓ, બાવાઓ, ભિક્ષુકો, સંન્યાસીઓ, મંડલેશ્વરો, મહામંડલેશ્વરો, પીઠાધીશો, પંડાઓ વગેરેના સમાગમમાં આવવાનું પણ આ સમય દરમ્યાન અમારે થયું, અમારા મનમાં હતું કે હજારોની સંખ્યામાં વિદ્યમાન આ લોકોમાં ઘણા ઘણા સાધુ–સંતો જોવા મળશે. 'બહુરત્ના વસુંધરા' એ ન્યાયે આમાં ખરેખર સંત કહી શકાય એવા કોઈક કોઈક સાધકો છે–હશે પણ ખરા. છતાં મોટા ભાગે ધર્મના નામે ધંધાદારી જ ચાલી રહી છે. ધર્મના નામે પાખંડ પણ ઘણું ચાલે છે.

શ્રદ્ધાળુ લોકોના પૈસા ઉપર તાગડધીન્ના કરનારો, એશઆરામ ભોગવનારો, હજારો–લાખો–કરોડો અબજો રૂપિયા ભેગા કરનારો મોટો વર્ગ પણ આમાં છે. તદ્દન ભિક્ષુક જેવું જીવન ગુજારનારો, આમ તેમ ઘુમનારો રખડનારો મોટો વર્ગ પણ આમાં છે. કંચન આવે ત્યાં બીજા પણ અનેક દૂષણો સહજભાવે આવે જ. કંચનની (પૈસાની જમીન–જાગીરીની, મઠોની અને એ માટે સંપત્તિ ભેગી કરવાની–વૈભવ બનાવવાની અહીં ધર્મના નામે હોડ લાગી છે. આ બધાની અહીં બોલબાલા છે. ન મળે તપ કે ન મળે ત્યાગ.)

પોતાની સંપત્તિમાંથી, સ્કુલ–કોલેજ–દવાખાના–દાનશાળા વગેરે ચલાવીને લોકકલ્યાણની પ્રવૃત્તિ કરનારા પણ આમાં છે. અને સમાજમાં એમનું માન સન્માન પણ છે. પણ એકંદરે ઉપર જણાવેલું ચિત્ર છે. વાતે વાતે મોટા મોટા યજ્ઞો હોય છે. આવા યજ્ઞોનું ફળ શું એમ પૂછવામાં આવે તો કોઈ સંતોષ કારક જવાબ મળતો નથી. વાતાવરણ શુદ્ધ થાય છે, અને એનાથી જ આ દેશ બચ્યો છે. બચવાનો છે એવા ઉટપટાંગ જવાબો મળે છે. જેમ આપણે ત્યાં છેલ્લા ત્રીસ–ચાલીસ વર્ષથી વિવિધ પૂજાઓના બદલે વિવિધ પૂજનોનું જ મહત્ત્વ વધી ગયું છે. તેમ આ લોકોમાં વિવિધ પૂજનોનું જ મહત્ત્વ વધી ગયું છે. તેમ આ લોકોમાં વિવિધ યજ્ઞો તથા હોમ–હવનનું મહત્ત્વ ખૂબ જ વધી ગયું છે. એ નામે લાખો–કરોડો રૂપિયા ખર્ચાય છે. યજ્ઞોમાં હોમ–હવનના ધૂમાડા વગેરેથી ખરેખર કેટલું ફળ મળે છે. તે તો ભગવાન જાણે. વૈજ્ઞાનિક રીતે એના રૂપની મોટી મોટી વાતો તેના આયોજકો કરતા હોય છે, આ યજ્ઞો જોવા માટે હજારો–લાખો માણસો ભેગા પણ થતા હોય છે. છતાં આના ફળની બાબતમાં વાસ્તવિકતા કેટલી છે તે માટે તો ભગવાનને જ પૂછવું પડે ધાર્મિક પરંપરા–સામાજિક પરંપરા રૂપે જાત–જાતના વિધિ અનુષ્ઠાનો આ ઉત્તરાખંડમાં ચાલે છે.

બદરીનાથ મોક્ષધામ કહેવાય છે. એક યુગમાં જગતથી વિસત બનીને હિમાલયના એકાંત સ્થાનમાં આવીને એમની રીતે ધ્યાન–તપ–જપની કઠોર સાધના કરનારા યોગીપુરુષો ત્યાં ખાસ વિચરતા હશે–રહેતા હશે એટલે મોક્ષધામ તરીકે તેની પ્રસિદ્ધિ વૈદિક પુરાણો તથા લોકોમાં હશે. પણ અત્યારે તો બદરીમાં પણ છૂટથી દારૂ પીવાય છે, સામાન્ય લોકો તો માંસાહારી છે, પણ અમને કહેવામાં આવ્યું કે પંડાઓમાં પણ આ પ્રદૂષણ પ્રવેશ્યું છે. દારૂની સુગ રહેતી નથી. યેન કેન રૂપેણ યાત્રાળુઓ પાસેથી પૈસા પડાવવાનું જ એમનું મુખ્ય લક્ષ્ય હોય છે. જાતજાતનાં સંકલ્પો કરાવીને વિધિવિધાનો કરનારા અને મોક્ષમાં પહોંચાડવાની વાતો કરનારા પંડાઓ–પૂજારીઓ–શંકરાચાર્યો તમને અહીં છૂટથી જોવા મળશે.

ब्रह्म सत्यं जगन्मिथ्या ની મોટી વાતો કરનારાઓ જ જગતના પ્રપંચમાં ગળા સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડૂબેલા હોય છે. હશે કોઈક વિરલા સત્પુરુષો કે સાધકો કે જે આ પ્રપંચથી દૂર રહીને ખરેખર પરમાત્માની ઉપાસનામાં લીન હોય.

ધર્મનું મુખ્ય સ્વરૂપ અને મુખ્ય ફળ— જીવનશુદ્ધિ, જીવન, નીતિમત્તા, આધ્યાત્મિકતા, પ્રભુપરાયણતા, કરુણા આદિ છે. પરંતુ આ બધાં પવિત્ર મૂલ્યો ભુલાઈ ગયાં છે. યાત્રાળુઓ પણ, આ મૂલ્યો પ્રાપ્ત કરવાને બદલે આ તીર્થમાં જઈ આવ્યા, ઘણું પ્રાપ્ય કમાઈ આવ્યા, ગંગા ન્હાયા બધાં પાપો ધોવાઈ ગયાં એમ માની લેતા હોય છે. લાખો–કરોડો યાત્રાળુઓ આવે છે. ગંગાસ્નાન પણ કરે છે, પણ જીવનનાં ધાર્મિક મૂલ્યોની ભાગ્યે જ કોઈને પડી હોય છે. કુલપરંપરાની રૂઢિઓને આધારે બધુ ચાલ્યા કરે છે. **श्रद्धामयोऽयंपुरुषः** જેની જેવી શ્રદ્ધા આવી ગતાનુગતિકતા બધે ચાલ્યા જ કરે છે.

ખરેખર ધર્મગુરુઓની આ જવાબદારી છે. ધર્મમાં લોકોને જોડવામાં આવે છે. એમાં પોતાનો અહંકાર, પોતાના રાગદ્વેષો, પોતાના સ્વાર્થો કેટલા પોષાય છે એનું સ્વયમેવ નિરીક્ષણ કરીને જો શુદ્ધિકરણ કરવામાં આવે તો જ જે ધર્મ ધંધાદારીની ચીજ કે ધૂનની ચીજ બની ગયો છે તે સ્વપર પ્રકાશક દીપક રૂપે થશે અને સ્વ–પર ઉભયનું પરમ કલ્યાણ કરનાર થશે ભગવાન પાસે આવા ધર્મની જ પ્રાર્થના કરું છું.

આ અંકે લેખમાળા સમાપ્ત થાય છે. સાંભળવા મળ્યું છે કે આ લેખો પુસ્તકાકારે છપાઈ રહ્યાં છે. આ લેખમાળાએ ઘણા ઘણા નવા અનુભવો વાંચકોને રસમગ્ન બનાવતા રહ્યા છે.

*


## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦, ૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ફોન : કૃષ્ણનગર–૪૩૯૭૮૨, વડવા પાનવાડી–૪૨૫૦૭૧, રૂપાણી-સરદારનગર-૫૬૫૯૬૦,
ભાવનગર-પરા-૪૪૫૭૯૬, રામમંત્ર-મંદિર-૫૬૩૮૩૨, ઘોઘા રોડ–૫૬૪૩૩૦, શિશુવિહાર–૪૩૨૬૧૪

### તા. ૧-૪-૨૦૦૨ થી થાપણ તથા ધિરાણમાં સુધારેલ વ્યાજના દરો

| ડીપોઝીટ | વ્યાજનો દર | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૮.૫ ટકા |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૭.૦ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૯.૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૮.૫ ટકા | સેવિંગ્ઝ ખાતામાં ૫ ટકા વ્યાજ આપવામાં આવશે. | |

❀ ૯૦ માસે રકમ ડબલ મળશે. ❀ સીનીયર સીટીઝનને F.D. ઉપરએક ટકો વધુ વ્યાજ આપવામાં આવશે.
❀ સોના લોન, હાઉસીંગ લોન, મકાન રીપેરીંગ લોન, એન.એસ.સી. લોન, શૈક્ષણિક હેતુ લોન, સ્વ વ્યવસાય, સ્વ રોજગાર માટે ધિરાણ આપવામાં આવે છે. વધુ વિગત માટે હેડ ઓફિસ-શાખાઓનો સંપર્ક સાધવા વિનંતી.
❀ નિયમીત હપ્તા ભરનારને ભરેલ વ્યાજના ૬ ટકા વ્યાજ રીબેટ મળે છે.
બેન્કની વડવા-પાનવાડી રોડ શાખામાં વહેલા તે પહેલાના ધોરણે પસંદગીના લોકર ભાડે આપવામાં આવે છે.

**મનહરભાઈ એચ. વ્યાસ** — જનરલ મેનેજર
**નિરંજનભાઈ ડી. દવે** — મેનેજિંગ ડીરેક્ટર
**વેણીલાલ એમ. પારેખ** — ચેરમેન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યોગી ન બનો તો ઉપયોગી તો બનો જ

પ્રત્યેક પુષ્પને ત્રણ તબક્કા અવશ્યમેવ પસાર કરવા જ પડે છે. પ્રથમ તબક્કો છે તાજી તાજી કુમળી કળીસ્વરૂપનો, દ્વિતીય તબક્કો છે પૂર્ણ પાંખડીએ વિકસિત થઈને ચોમેર પમરાટ પ્રસરાવવાનો, અને ત્રીજો તબક્કો છે સમય આવ્યે ખરી જઈને માટીમાં મળી જવાનો. કોઈપણ પુષ્પ સદા કાળ ખીલી રહીને ખરવાની દુઃખદ ક્ષણોથી દૂર રહે, એવું કદી બનતું નથી. વસ્તુસ્થિતિ આ હોવા પછી તેજ પુષ્પનું અસ્તિત્વ સાર્થક બને કે જે અન્યોને ઉપયોગમાં આવ્યા વિના કાળ પર જ કરમાઈને વિદાય થઈ જાય એનું જીવન નિરર્થક લેખાય.....

જે ન્યાય પુષ્પને લાગુ પડે છે, એજ ન્યાય માનવીને ય લાગુ પડે છે. એને પણ ત્રણ તબક્કા- માંથી પસાર થવું પડે છે. પ્રથમ તબક્કો છે કુમળી કળી જેવા શૈશવનો, બીજો તબક્કો છે વિકાસની અવસ્થા સમા યૌવનનો, અને ત્રીજો તબક્કો છે વૃદ્ધાવસ્થામાં ઘેરાતા જઈને મૃત્યુનો સમય આવ્યે માટીમાં મળી જવાનો.

એક પણ માનવી આ સૃષ્ટિમાં એવો જન્મ્યો નથી કે મૃત્યુની ક્ષણથી બચી શકે અને શરીરને સદાકાળ ટકાવી શકે અરે ! સંસ્કૃતભાષાના વિદ્વાનો તો શરીરની વ્યાખ્યા જ એ કરે છે કે જે નાશ પામે તેનું નામ શરીર. **क्षीर्यते इति शरीरम्** !! શરીર જો ત્યાગ દ્વારા નહિ ઘસાય, તો ય એ રગ આદિ દ્વારા ઘસારો જ અને અંત નષ્ટ--વિનષ્ટ થશેજ. વસ્તુસ્થિતિ આ હોવા પછી તેજ માનવીનું જીવન સાર્થક ગણાય કે જે અન્યોને કોઈપણ રીતે ઉપયોગી નીવડે. જે માનવીનું જીવન કોઈનેય ઉપયોગી થયા વિના, વનમાં ખીલેલ ગુલાબની જેમ, ખતમ થઈ જાય એનું જીવન પણ નિરર્થક જ ગણાય...

આવું નિરુપયોગી નિરર્થક જીવન જીવ- નારાની હાલત પેલી પંક્તિમાં હૂ..બ..હૂ દર્શાવાઈ છે કે **'वचपन खेलमें खोया, जवानी निंदभर सोया, बुढापा देखकर रोया.....'**

આપણે નિરુપયોગી જીવન જીવીને આ પંક્તિને અનુરૂપ ન બનીએ. બલ્કે ઉપયોગી જીવન જીવીને સાર્થકતાની કક્ષા પ્રાપ્ત કરીએ. વાંચી છે ગુજરાતના મૂક લોકસેવક રવિશંકર મહારાજના જીવનની પેલી ઘટના?

રવિશંકર મહારાજે જયારે મહેમદાવાદમાં રાષ્ટ્રીય શાળા ચલાવવાનું અભિયાન આદર્યું હતું ત્યારની વાત. એ સમયે ''સ્વરાજય મારો જન્મસિદ્ધ હક્ક છે' ની બુલંદ ઘોષણા કરનાર લોકમાન્યતિલક દિવંગત થયા હતા અને એમની સ્મૃતિમાં ગાંધીજીએ એ કાળમાં રૂા. એક કરોડના 'તિલક સ્મારક નિધિ'નું એલાન આપ્યું હતું. રવિશંકર મહારાજે એમાં રૂા. દશ હજાર એકત્ર કરવાની જવાબદારી સ્વીકારી. પછી એમણે મનોમન વિચાર્યું કે આ ફાળાની શરુઆત સર્વપ્રથમ મારેજ કરવી જોઈએ.

એ માટે એમણે ધર્મપત્ની સૂરજબેન સમક્ષ ભાવના વ્યક્ત કરી કે આપણે મકાન તથા ખેતરનો થોડો ભાગ વેચીનેય આ ફંડમાં આપણો હિસ્સો નોંધાવીએ. સૂરજબેન ભાવનાશીલ સન્નારી હતા. કિંતુ એમની નજર સમક્ષ નાનાં બાળકોના ભાવિનો વિચાર પણ હતો. તેથી વિસામણમાં મુકાઈ ગયા. તત્કાલ સંમતિ યા અસંમતિ ન દર્શાવી શક્યા.

રવિશંકર મહારાજે એ મૂંઝવણ પરખી લીધી. એમણે પત્ની પર લેશ પણ દબાણ ન કર્યું. બલ્કે મનોમંથન આદર્યું. એમાં તેઓ એ નિર્ણય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર આવ્યા કે મકાન--ખેતર આદિ મિલકત તો પરિવારના સ્વામીત્વની ગણાય, મારા એકની નહિ. એથી એના પર મારાં એકનો અધિકાર નથી. પણ મારો દેહ તો સુવાંગ મારી માલિકીનો છે માટે એના પર મારો અધિકાર છે બસ, તો આ દેહને આજથી મારે રાષ્ટ્રસેવામાં સમર્પિત કરી દેવો. પરિવાર ભલે મિલકતમાંથી નિર્વાહ ચલાવે, મારે રાષ્ટ્રસેવાનું જ લક્ષ્ય રાખવું.

એમણે સૂરજબેનને આ નિર્ણય જણાવ્યો. સૂરજબેને સંમતિ દર્શાવી અને જે હતું તેમાંથી પરિવારનો નિર્વાહ સ્વીકારી લીધો. સૂરજબેને એ પછી સતત ૪૨-૪૨ વર્ષો પર્યંત ચરખો ચલાવીને વર્ષે ૧૫ શેર સૂતર કાંતવાનો ક્રમ જાળવ્યો અને પરિવારમાં સહાય પૂરી. જ્યારે રવિશંકર મહારાજે એક પાઈ પણ સ્વીકાર્યા વિના સતત લોકસેવા કરી.

એવી નિ:સ્પૃહતાપૂર્વક જાત ઘસી નાખવાની એ વૃત્તિ હતી કે કયાંય નામનાની પણ અપેક્ષા ન હતી. એથી જબરજસ્ત લોકસેવાની કારકિર્દી પછી એમણે ૨૭-૩-૮૩ના દિવસે જાહેર નિવેદન આપ્યું હતું કે 'મારી પાછળ કોઈ સ્મારક કે ફંડ આદિ કરવું નહિ. દીન--દુ:ખી પ્રત્યે જે કાંઈ થઈ શકે તે જ કરવું એ મારી ભાવના છે!!'

જીવનને સાર્થક બનાવી દેવાનો અદ્‌ભુત આદર્શ આપતી ગુજરાતની મુઠી ઉંચેરો માનવી રવિશંકર મહારાજની આ સત્ય ઘટના આપણા અંતરને અપીલ કરી જાય અને આપણે પ ગાઈએ કે....

'અપના હી ખ્યાલ કરે કે, જીએ, તો હમ ક્યાં જીએ?

જિન્દાદિલી કા તકાજા હૈ, ઔરોં કે લીએ ભી જીએ.'

—*મુનિ રાજરત્નવિજય*

**APTECH**
**COMPUTER EDUCATION**

**"ફેમીલી પેક" યોજના**
**એકની ફી ભરો અને ફેમીલીના બધા સભ્યો કોમ્પ્યુટર શિક્ષણ મફત મેળવો.**

**3rd Floor, Ajay Chamber, Kalanala, Bhavnagar - 364 001**
**(Gujarat) India Phone : (91) (0278) 425868 Fax : (91) (0278) 421278**
**Internet : http://www.aptech-education.com**

**COMET**
**COMPUTER CONSULTANCY**

**સૌપ્રથમ કોમ્પ્યુટર કુંડળી દેશ—પરદેશની સુક્ષ્મ અને ચોક્કસ કાઢવા માટે મળો.**

**10, V. T. Complex,**
**Kalanala, Bhavnagar - 364 001**
**Phone : (91) (0278) 422229**

**ભવિષ્યનું માર્ગદર્શન મફત રૂબરૂ મળો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૧)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

શેત્રુંજય, સમેતશીખર, ગિરનાર, આબુ તથા અષ્ટાપદ આ પાંચ જૈન ધર્મના ઉત્તમ પવિત્ર તીર્થો છે. જૈન શાસ્ત્ર અનુસાર પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન અષ્ટાપદ ઉપર નિર્વાણ પામ્યા હતા. તેમના પ્રથમ પુત્ર પ્રથમ ચક્રવર્તી ભરતે અષ્ટાપદ ઉપર મણિ અને રત્નમય ચોવીસ તીર્થંકરોની મૂર્તિઓ ભરાવી હતી. ગુરુ શ્રી ગૌતમસ્વામી અનંત લબ્ધિનિધાન અને ચરમ શરીરી હતા. પોતાની લબ્ધિ દ્વારા સૂર્યના કિરણોના આલંબનથી યાત્રા કરી હતી. અષ્ટાપદ ઉપર મૂર્તિઓની પૂજા અર્ચના કરીને સ્તોત્ર રચ્યું હતું. તપ કરતા સાધુઓને ધર્મબોધ આપીને કેવળજ્ઞાન પદે પહોંચાડ્યા હતા. વળી રાવણ તથા મંદોદરી એ નૃત્યમાં તલ્લીન બનીને અષ્ટાપદ ઉપર કેવળજ્ઞાન મેળવ્યું હતું. આમ આ અષ્ટાપદની પવિત્ર ભૂમિની સ્પર્શના કરીને દરેક જૈન જીવન સાર્થક કરવા ઉત્સુક હોય છે. તક પ્રાપ્ત થતાં તે કાર્ય સાધે છે અને પુણ્યશાળી બને છે. શાસ્ત્ર અનુસાર અષ્ટાપદતીર્થ વિચ્છેદ પામેલ છે પણ ઐતિહાસિક રીતે જોતાં જે અત્યારે કૈલાસ કહેવાય છે તે જ અષ્ટાપદ હોઈ શકે તેના કારણો થોડા થોડા મળી આવે છે. (આ વિષય સંશોધનનો છે) જેમકે માનસરોવરથી અષ્ટાપદ ૨૫ માઈલ દૂર છે. અયોધ્યાની ઉત્તરે હિમાલયમાં આવેલ છે. મને ઇ. સ. ૧૯૯૯ના સપ્ટેમ્બરમાં કૈલાસ માન-સરોવરની યાત્રા કરવાનો યોગ પ્રાપ્ત થયો હતો. અને ધન્યતા અનુભવી હતી. મારી કૈલાસ માનસરોવરની યાત્રાની સંપૂર્ણ માહિતી આ લેખો દ્વારા આપવા માંગું છું અને ઇચ્છું છું કે આ વિગતો વાંચીને ધાર્મિક સ્ત્રી પુરુષો પ્રેરણા પ્રાપ્ત કરે અને યાત્રા કરી ઘણું ઘણું પુણ્ય મેળવે અને જીવન ધન્ય કરે.

જેની જેવી ભાવના તેને તેવી સિદ્ધિ.

આ કઠીન યાત્રા તન મન અને ધનના સંયોગથી થઈ શકે છે. મને હતું કે ૭૨ વર્ષની ઉંમરે આ યાત્રા થશે કે નહિ પણ ભગવાનની ઇચ્છાથી આખરે સપ્ટેમ્બર ૧૯૯૯ માં આ યાત્રા પાર પડી. કૈલાસ માનસરોવર યાત્રા માટેની તૈયારી કરી રહ્યો હતો ત્યારે એક ભાઈએ સલાહ આપી કે તમો જૈન છો માટે તમારે કૈલાસ દર્શન કરતા અષ્ટાપદના દર્શન મહત્વના છે. ભારત સરકાર અને અજૈન તથા પરદેશીઓ કૈલાસને અષ્ટાપદ માને છે. ભગવાનની ઇચ્છા હશે તેથી કૈલાસની પ્રદક્ષિણા ખરાબ હવામાનને કારણે ન થઈ શકી તે પછી તિબેટમાં કહેવાતા અષ્ટાપદની યાત્રા ગાઈડને લઈને કરી. મેં જે જોયું તે લખું છું કે દૂરથી પર્વત ઉપર આઠ પગથીયા જેવું દેખાય છે તે પગથીયા અથવા તો તપ કરવા માટેની ગુફાઓ પણ હોઈ શકે. આ યાત્રાનું વર્ણન એટલા માટે કરી રહ્યો છું કે અગોચર ભૂમિમાં ધરબાયેલા નિધાનને પ્રગટ કરવા પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે. શોધ સંશોધનથી આવા રહસ્યો સ્ફુટ થાય છે. આવું તીર્થ કે જે અષ્ટાપદ છે. આ લેખ જૈન ભાઈ તથા બેન શોધ સંશોધનમાં રસ લઈ રહ્યા હોય તેઓને માર્ગદર્શન રૂપ બને. કેટલીક જગ્યાએથી શોધખોળ કરતાં પુરાણા તીર્થો અને મૂર્તિઓ વિગેરે મળી આવે છે તેમ અહિં પણ અષ્ટાપદની વિગતો મળી આવે તેવો સંભવ ગણાય.

ઉત્તરાખંડમાં આવેલા પવિત્રતમ અને સુંદરતમ કૈલાસ માનસરોવર પરિક્રમાં અસાધારણ અને પવિત્ર મનાય છે. બોન પાધર્મી એટલે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિબેટની પ્રજા કૈલાસને ''નૌમંઝિલ'' માને છે. હિન્દુ ધર્મી કૈલાસને પ્રભુ શિવજીનું નિવાસસ્થાન માને છે. બૌદ્ધધર્મી કૈલાસને બુદ્ધ ભગવાન અથવા મણિપદમનું નિવાસ સ્થાન માને છે. જૈન ધર્મના પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવનું અહીં નિર્વાણ થવાથી જૈનો કૈલાસને પવિત્ર અષ્ટાપદ માને છે.

કૈલાસ અને માનસરોવરનો મહિમા તેમજ તે બન્નેનું અદ્‌ભુત સૌંદર્ય તો યાત્રી જયારે તેનું સાનિધ્ય સેવે છે ત્યારે જ અનુભવે છે. પવિત્ર કૈલાસ માનસરોવરથી ૨૫ કી.મી. દૂર રહે છે ત્યારે કૈલાસનું આચ્છાદિત શિખર સાક્ષાત્ શિવલીંગ જેવું દેખાય છે. કૈલાસ ઉપર બારે માસ બરફ છવાયેલો રહે છે. ભારતની ઉત્તરે પશ્ચિમી તીબેટ (હાલ ચીન)માં કૈલાસ પર્વત સમુદ્રની સપાટીથી ૨૨,૦૦૦ ફુટ ઉંચો છે. (શેત્રુંજય પર્વત ૨૦૦૦ ફુટ) કૈલાસ માનસરોવર દિલ્હીથી ૮૬૫ કી.મી. દૂર છે. આ યાત્રા માટે પાસપોર્ટ ખાસ જરૂરી છે. યાત્રાની સફળતા તેના બદલાતા જતા વાતાવરણ ઉપર છે. યાત્રાનું વર્ણન કૈલાસ માનસરોવર યાત્રાના નામે થશે.

અષ્ટાપદ–કૈલાસ માનસરોવરની યાત્રાની જેને પણ ઇચ્છા થાય તેમણે પોતાની પાસે મનમાં અખૂટ શ્રદ્ધા, મજબૂત મનોબળ, શારીરિક ક્ષમતાં અને પ્રકૃતિ પ્રેમનો અણમોલ ખજાનો હોવો જોઈએ. યાત્રા માનવીને કુદરતની નજીક લઈ જાય છે. અને તેનામાં નવો ઉત્સાહ આત્મવિશ્વાસનું સિંચન કરે છે. અદ્‌ભુત માનસિક આનંદ મળે છે.

અમદાવાદ–સાબરમતી રામનગરમાં જૈન શાસનશિરતાજ આચાર્યદેવ શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ સ્મૃતિ મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્યાતી ભવ્ય રીતે ઉજવણીના પ્રસંગે દુનિયા ભરની નદીઓના પાણી મંગાવવામાં આવ્યા હતા. ભારતની ગંગા, યમુના, બ્રહ્મપુત્રા, સિંધુ, ગોદાવરી, નર્મદા, કાવેરી, કૃષ્ણા વિગેરે નદીઓ ઉપરાંત તિબેટમાં આવેલા કૈલાસ–માનસરોવર માંથી પણ પાણી લાવવામાં આવ્યું હતું. *[ક્રમશઃ]*

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'શ્રી આત્માનંદ પ્રકાશ'ને અમારી હાર્દિક શુભેચ્છા

**મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ**

**દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર. ફોન : ૪૨૮૯૯૭-૫૧૭૮૫૪

રોહિતભાઈ ઘર : ૪૩૧૪૭૦
સુનીલભાઈ ઘર : ૪૩૦૪૨૬
પરેશભાઈ ઘર : ૫૧૬૬૩૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન મહાવીર અને આપણે

*—આ.શ્રી વિજયરત્નભૂષણસૂરિજી મ.સા*

આ જગતમાં તીર્થંકર પરમાત્મા ભગવાન મહાવીરસ્વામીનો આત્મા પણ એક વખત આપણી જેમ જ જન્મ–મરણનો અનુભવ કરતો હતો. નયચાર તરીકેના ભવમાં તેઓ સમકિત એટલે કે સાચી દૃષ્ટિ પામ્યા; અને પછી સાધના માર્ગે આગળ વધ્યાં, તેમાં વળી મરીચિના ભવમાં કર્મે પછાડ્યાં, વળી પાછા આગળ વધ્યાં, વળી પાછા પડ્યાં, એમ કરતાં ૨૬ ભવો પૂરાં કર્યાં. તેમાં પણ ૨૫માં ભવમાં નંદન ઋષિ તરીકે તો અદ્‌ભુત સાધના કરી. એનું વિગતવાર વર્ણન સાંભળતાં પણ આપણને અપૂર્વ આનંદની અનુભૂતિ થાય તેમ છે.

તે પછી છેલ્લા ૨૭માં ભવમાં તારક તીર્થંકર પરમાત્મા તરીકે તેઓશ્રીનો જન્મ થયો. આપણે હવે અહીં જ આપણો વિચાર કરવાનો છે. આ છેલ્લા ભવમાં જન્મ લીધા પછી પણ ભગવાનને પોતાના આત્મા ઉપર લાગેલા કર્મોનો નાશ કરવા માટે કેટલો બધો પ્રચંડ પુરુષાર્થ કર્યો? ૩૦ વર્ષની ઉંમરે દીક્ષા લીધી અને તે પછી સાડા બાર વર્ષ સુધી ઘોર ભયંકર સાધના કરી, ઉગ્ર તપશ્ચર્યા કરી, જે કંઈ પરિષહો અને ઉપસર્ગો આવ્યા તેમનો સામનો કરવાની શક્તિ હોવા છતાં પણ તે દરેકને હસતે મોઢે–સામી છાતીએ સમભાવપૂર્વક સહન કર્યા. ત્યારે તેઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

તેની સાથે હવે આપણે આપણી પોતાની પરિસ્થિતિનો વિચાર કરીએ. ભગવાનનો જે વખતે જન્મ થયો તે વખતે તેમના આત્મા ઉપર જેટલા કર્મો લાગેલા હતા, એ રીતે આ મનુષ્ય ભવમાં આપણો જ્યારે જન્મ થયો ત્યારે આપણા આત્મા ઉપર પણ કર્મો તો લાગેલા હતા. આમાં વધારે કર્મો કોના–ભગવાનનો જ્યારે જન્મ થયો ત્યારે એમના? કે આપણો જ્યારે જન્મ થયો ત્યારે આપણા? આ બેમાં વધારે કર્મો કોના? વિચાર કરતાં આપણે કબૂલ કરવું જ પડશે કે આપણા કર્મો વધારે છે!

હવે આપણે એ વિચારવાનું જરૂરી થઈ પડે છે કે--ભગવાને પોતાના કર્મોનો નાશ કરવા માટે જે પ્રચંડ પુરુષાર્થ કર્યો તેવો અથવા તેનાથી વધારે જોરદાર પુરુષાર્થ આપણે ન કરીએ ત્યાં સુધી આપણું ઠેકાણું પડે ખરું? એની સામે કર્મોનો નાશ કરવા માટેનો આપણો પુરુષાર્થ કેવો છે? ભગવાનના જેવો? એમનાથી વધારે? કે એમનાથી ઓછો?

આ વાતનો વિચાર કરીએ ત્યારે જ આપણને આપણી સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવે. આ ખ્યાલ–આ સમજણ જ–આપણને ધર્મની આરાધના કરવામાં આગળ વધારે છે. આપણી ભૂલો–ખામીઓ– દુર્ગુણો જોવા અને એ બધું સુધારવા માટેની મહેનત કરવી એ પણ ધર્મ છે. આ પાયાનો ધર્મ શરૂ થાય કે–આપણું જીવન સુંદર બનવા માંડે. આ રીતે આપણે સૌ પોતપોતાની જાતને સુંદર બનાવવાની શરૂઆત કરીએ તો પણ ચમત્કાર સર્જાય. આવો ગુણ સંપન્ન જીવોનો સમુદાય–એમની જ્ઞાતિ વિગેરે અશક્ય લાગે એવું પણ કરી બતાવે એમાં કંઈ જ આશ્ચર્ય નથી. જો આપણે આપણી જ્ઞાતિનો–આપણા સમાજનો કે આપણા સંઘનો ઉત્કર્ષ કરવો હશે તો એને માટે પણ આ જ ઉપાય છે. આપણા સમાજને કે જ્ઞાતિને કે સંઘને નબળા પાડનારા દુર્ગુણોને દેશવટો દઈને ઉપર મુજબ આગળ વધીએ તો ઉત્કર્ષ તો થાય જ, પરંતુ પરિણામે સૌ જીવોનું તાત્ત્વિક કલ્યાણ પણ થાય.

*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અખાત્રીજનું મહત્વ

વૈશાખ સુદિ ત્રીજને અક્ષયતૃતીયા (અખાત્રીજ)નું પર્વ ગણવામાં આવે છે. તેનો મહિમા ઘણો મોટો છે.

શ્રી ઋષભદેવ ભગવાને ફાગણ વદ ૮ના દિવસે દીક્ષા ગ્રહણ કરી. પછી ભિક્ષા અર્થે તેઓ લોકોને ત્યાં જવા લાગ્યા, પણ એ ભદ્રપરિણામી લોકો સાધુને કેવો આહાર વહોરાવાય? તે જાણતા નહિ હોવાથી તેમની આગળ મણિ, માણેક, રત્નો, હાથી, ઘોડા, ગાય, બળદ આદિ અનેક વસ્તુઓ ધરવા લાગ્યા. પ્રભુ સર્વથા ત્યાગી હોવાથી એ કોઈ વસ્તુને અડતા નહિ. એ રીતે વિચરતાં એક વર્ષથી પણ અધિક કાલ વ્યતીત થઈ ગયો.

'ભગવાન ઋષભદેવ પૂર્વભવમાં એક માર્ગે થઈને જતા હતા. ત્યારે ધાન્યનાં ખળામાં બળદ અનાજ ખાઈ જતા હતા અને તેથી ખેડૂત તેને મારતો હતો, એ જોઈને તેમણે કહ્યું કે 'અરે મૂર્ખ! આ બળદોને મોઢેથી બાંધ.' ખેડૂતે કહ્યું: 'મને બાંધતાં આવડતું નથી.' તેથી પોતે ત્યાં બેસીને પોતાના હાથે છીંકું બાંધી બતાવ્યું. તે વખતે બળદે ત્રણસો સાઠથી અધિક નિશાસા નાખ્યા, તેથી અંતરાય કર્મ બંધાયું. તે કર્મ, દીક્ષા લીધી તે જ દિવસે ઉદયમાં આવ્યું, તેથી પ્રભુને આ રીતે આહાર મળવામાં અંતરાય થયો.

એકદા ગજપુરનગર કે જયાં બાહુબલીજીના પુત્ર સોમયશાના પુત્ર શ્રેયાંસકુમાર રહેતા હતા, ત્યાં શ્રી ઋષભદેવ ભગવંત પધાર્યા. તેમને જોઈ શ્રેયાંસકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પૂર્વે આરાધેલ સાધુપણું યાદ આવ્યું. તેથી સાધુને કેવો આહાર અપાય તે જાણ્યું. હવે તે જ વખતે ત્યાં ઇક્ષુરસના ૧૦૮ ઘડા આવેલા હતા. એટલે શ્રેયાંસકુમારે પ્રભુને વિનંતી કરી કે 'આ સૂઝતો આહાર ગ્રહણ કરવાની કૃપા કરો.'

પ્રભુએ તેને પ્રાસુક સમજી બે હાથનો ખોબો કરી તેને વહોર્યો અને પારણું કર્યું. શ્રેયાંસકુમારને અતિ આનંદ થયો અને દેવોએ ત્યાં પંચદિવ્ય પ્રકટ કર્યાં. ઇક્ષુરસનું આ દાન શ્રેયાંસકુમારને અક્ષય ફળ આપનારું બન્યું, ત્યારથી એ દિવસ અક્ષય તૃતીયા તરીકે પ્રસિદ્ધ થયો.

આજે અનેક ભવ્યાત્માઓ વર્ષીતપ કરે છે અને તેનું પારણું આ જ દિવસે કરે છે. તે વખતે સ્નેહીઓ, સંબંધીઓ, સાધર્મિકો વગેરે ચાંદીના એક અતિ નાના ઘડામાં ઇક્ષુરસ ભરી તેમને પીવડાવે છે. ઘણા સિદ્ધક્ષેત્રમાં જઈ આ તપની પૂર્ણાહુતિ કરે છે, તેથી એ દિવસે તપસ્વીઓ સિદ્ધક્ષેત્રમાં બહુ મોટી સંખ્યામાં એકઠા થાય છે અને તેમના સગાંસંબંધીઓ વગેરેની પણ વિપુલ હાજરી થતાં, ત્યાં મોટો ઉત્સવ ઉજવાય છે.

અન્ય લોકો પણ આ દિવસને મોટું પર્વ ગણે છે અને તેને અખાત્રીજ ગણી તે દિવસે તેનું માહાત્મ્ય વાંચે છે અને ઉજવે છે.

*—રજૂકર્તા: દિવ્યકાંત સલોત*

❑ ❑ ❑

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રભુ પરાયણતામાં આનંદ રહેલો છે

જો આપણે પ્રભુપરાયણ થવું હોય તો વિચારવું ઘટે કે આપણું બધું જ કામ પ્રભુ કરી રહ્યો છે અથવા આત્મતત્વ કરી રહ્યો છે, એ દિવ્ય શક્તિ સિવાય કશું જ થઈ શકતું નથી, એવો દૃઢ નિશ્ચય થવો જોઈએ એટલે આપણો ક્ષુલ્લક અહંભાવ--અહંકાર આપોઆપ નિવૃત થઈ જાય છે. આપણી અને પરમાત્મા વચ્ચે આપણો અહંકાર એ અંતરાય છે. એ અહંકારને લઈને જ આપણે સુખી--દુઃખી થઈએ છીએ એટલે સુખમાં છલકાટ ન આવે અને દુઃખમાં ગભરામણ ન થાય, એ બધો બોજો તે આત્મા સાક્ષી પ્રભુ ઉપર છે. મારી ઉપર કાંઈ બોજો નથી. બોજાને બાજુ ઉપર રાખીએ, કે તે બોજો માથા ઉપર રાખીએ, તો પણ બોજો તો છે એની ઉપર જ છે, માટે નાહકનો બોજો પોતાના માથા ઉપર રાખી હેરાન શા માટે થવું? આટલો વિચાર કરે તે માણસ વ્યવહારમાં આનંદથી વિચરી શકે છે. આવા વિચારો પોતાની સન્મુખ રહેવા જોઈએ. એથી આત્મશક્તિમાં અતુલ બળ પ્રાપ્ત થાય છે. આપણામાં તે શક્તિ હોવા છતાં પણ તેનો જેટલો ઉપયોગ થવો જોઈએ તેટલો થતો નથી. આપણે ઉચ્ચ કોટિના રહ્યા એટલે આપણું ધન અગર બળ પ્રભુ ઉપરનો વિશ્વાસ હોવો જોઈએ. બહારના દેશો સાથે સંબંધ થવાથી આપણે તેનું અનુકરણ કરતા થયા અને આપણો વારસો પ્રભુપરાયણ થવાનો છે તે ભૂલતા જઈએ છીએ, અને તેથી અશાંત જીવન જેમ તેમ જીવી રહ્યા છીએ. પ્રભુ સર્વને એ તરફ વાળો એ પ્રાર્થના છે. આપણા મનમાં ઊગી જવું જોઈએ કે અન્ન--જળ વગેરે સિવાય ચાલે, પણ પ્રભુ સિવાય ઘડીભર જીવી શકીએ નહિ. એથી આપણી દરેક ક્રિયા પ્રભુમય કરવા પ્રયત્નશીલ રહીએ. ન મળે આપણું વાચન કે મળે સંત સમાગમનો અવસર! નહિ તો એવા સંતોના ઝાબખા પડતા રહે તો પરાણે પણ તે તરફ વળવા પ્રેરણા મળતી રહે. ઘરમાં દરેકે દરેક જણ તે પથગામી થાય તો સંસાર એક નંદનવન બની જાય. એવી દશામાં દરેક જણ પ્રભુ સિવાય બીજા કશાથી ડરતો હોય નહિ તેમ જ જે સંજોગો આવી પડે તે હસતે મુખડે ભોગવતો રહે. આનો અનુભવ કરશો તો પૂરી શાંતિ રહેશે. લગાર પણ વિહ્વળતા થાય કે સમજવું કે અહંકારે કયાંય પ્રવેશ કર્યો છે. માટે વિચારો કે શરીર અને મન કોઈ દિવસ સ્થિર થવાના નથી. જો સ્થિર થાય તો એ શરીર અને મનરૂપે રહેવાના નથી, કારણ કે એનો સ્વભાવ જ એવો છે.

આપણે શરીર, વાણી, મન ઈત્યાદિ દ્વારા જે જે કર્મો કરીએ તે સર્વને પ્રભુ-પરમાત્મા-સાક્ષીરૂપ છે. એમ ગણીને અને સઘળી ઈંદ્રિયોને બાહ્ય વિષયોમાં જતી રોકીને; અર્થાત્ અંતઃકરણમાંથી ઉત્પન્ન થતાં તમામ સંકલ્પો ઉત્પન્ન થતાની સાથે જ તે પરમાત્મરૂપ છે એવા પ્રકારના જ્ઞાન વડે તે સિવાયના તમામ ભાવો ઉપર વૈરાગ્ય કરી, સ્થૂલ અને સૂક્ષ્મ એવી તમામ ઈંદ્રિયોનું તેના વિષયો સહ નિયમન કરીને, તમામ ભાવનાઓ ત્યાગ કરો એટલે સર્વ ભાવનાઓને કેવળ એક પ્રભુમાં એકઠી કરી દો. આ પ્રમાણે પોતા સહ બીજું બધું ભૂલી જવાય નહિ, ત્યાં સુધી સુખ અને શાંતિ મેળવવાની તમામ આશાઓ નકામી છે. એને મારે ભલે ઊંધે માથે લટકી દારૂણ તપશ્ચર્યા કરો, આકાશ--પાતાળ એક કરી નાખો; તો પણ સર્વ પ્રકારના વિસ્મરણ વિના એટલે પોતા સહ સર્વ ભાવનું વિસ્મરણ થયા વિના દુઃખની આત્યંતિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિવૃત્તિ થઈ; કદી પણ આત્યંતિક સુખની પ્રાપ્તિ થશે જ નહિ. આ દુસ્તર સંસારમાંથી તરવાનો ઉપર કહ્યો એના સિવાય બીજો એકે ઉપાય નથી. એટલા ભારે સંકલ્પોનો ક્ષય કે જે બાધરહિત, નિર્વિકાર, સુખરૂપ છે અને પરમ પાવન છે, તેની પ્રાપ્તિને માટે શરીર, વાણી, મન, બુદ્ધિ તથા અંતઃકરણમાં જે જે સંકલ્પ--વિકલ્પોનું ઉત્થાન થાય કે તુરત તે સર્વ પ્રભુમય છે એવા પ્રકારના દૃઢ નિશ્ચય અને ભાવના વડે તેને તુરત દાબી દેવા. અંતઃકરણમાંથી બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેતાં પોતા સહ સર્વને ભૂલી જઈ પ્રભુપરાયણ થઈ જવામાં આનંદ છે.

જ્ઞાન એમ કહે છે કે, જે જેવું છે તેને તેવું જુઓ. આપણું વાસ્તવિક સ્વરૂપ આત્મા છે. શરીર અને મન તો આત્માને કામ કરવાના સાધનો છે. સાધનને સાધ્ય ન મનાય. માટે દરરોજ થોડા થોડા સમયે આત્મામાં ડૂબકી મારવાની ટેવ રાખવી જોઈએ. કામ કરતાં કરતાં અશાંતિ જેવું લાગે કે તરત જ આત્મા તરફ સીધા ચાલ્યા જવું એટલે શરીર, મન વગેરે સ્વાભાવિક રીતે જ બળ મેળવી બહાર આવશે. આમ કરી શરીર, મન વગેરે પાસે પાછું કામ લેવું. આમ કરતાં રહેશે તો તમને બળની ખોટ જણાશે નહિ. બધા જ મહાપુરૂષો ઉપરની રીતે અથવા બીજી રીતે--જેને જેમાં શ્રદ્ધા બેસે તે રીતે બળ અને ઉલ્લાસ મેળવતા રહે છે. માટે દરરોજ! થોડી થોડી વારે આત્મામાં ડૂબકી મારતા રહો એટલે તમે હંમેશા આનંદમાં જ રહેશો.

*(સંતોની અનુભવવાણીમાંથી*
*રજુકર્તા : મુકેશ એ. સરવૈયા)*


## શ્રી પાટણ જૈન મંડળ શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ—પાટણ

### જ્ઞાનપ્રાપ્તિનો અપૂર્વ અવસર

સર્વે પૂ. સાધુ—સાધ્વીજી મ.સા., મુમુક્ષુ ભાઈ—બહેનો તથા તત્વજિજ્ઞાસુ આત્માઓને જણાવવાનું કે, પાટણ નગરે શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠમાં નીચેના વિષયોનું અધ્યયન કરવામાં આવે છે.

**અર્થઃ—પ્રકરણ-ભાષ્ય—કર્મગ્રંથાદિ—પંચ સંગ્રહ—કર્મ પ્રકૃતિ—બૃહત્સંગ્રહણી આદિ વિષયો.**

**યોગવિષયકઃ—યોગવિંશિકા, યોગદષ્ટિ, યોગશતક, યોગસાર ઈત્યાદિ**

**સંસ્કૃતઃ—હૈમ સં.પ્રવેશિકા, પ્રથમા, મધ્યમાં, ઉત્તમા તથા ભાડાકરની બે બુક.**

**વ્યાકરણઃ—સિદ્ધહેમ લઘુવૃત્તિ, મધ્યમવૃત્તિ, બૃહદ્વૃત્તિ તથા હેમ લઘુ પ્રક્રિયા વિ.**

**સાહિત્ય વાંચનઃ—ત્રિષષ્ટિ, હીરસૌભાગ્ય, અભિજ્ઞાન શાકુન્તલ, શાંતિનાથ મહાકાવ્ય, ગૌતમીય કાવ્યાદિ.**

**ન્યાયઃ—તર્કસંગ્રહ, ન્યાયભુમિકા, પ્રમાણીય, સ્યાદ્વાદમંજરી.**

અધ્યાપન કાર્ય પંડિત શ્રી ચંદ્રકાંતભાઈ સંઘવી તથા શ્રી નવીનભાઈ શાહ કરશે. ઉપરોક્ત વિષયોના અધ્યયન કરવાની જેઓની ભાવના હોય તેઓશ્રીએ નીચે જણાવેલ સરનામે સંપર્ક—પત્રવ્યવહાર કરવો.

**C/o શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ**

**પીપળાશેર, પાટણ (ઉ. ગુજરાત), પીન—૩૮૪ ૨૬૫ ફોન : ૨૦ ૭૧ ૧૫**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## નવા કારોબારીના સભ્યશ્રીઓની યાદી

ગત તા. ૧૭-૩-૦૨ને રવિવારના રોજ આ સભાની સામાન્ય સભાની મીટીંગ રાખવામાં આવી હતી. આવતા ત્રણ વર્ષ માટે હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરવામાં આવી હતી. જેમાં નીચે મુજબ હોદ્દેદારો તથા સભ્યશ્રીઓ ચૂંટાયેલા જાહેર થયા હતા.

(૧) શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ–પ્રમુખશ્રી
(૨) શ્રી દિવ્યકાંત મોહનલાલ સલોત–ઉપપ્રમુખશ્રી
(૩) શ્રી જસવંતરાય ચીમનલાલ ગાંધી–ઉપપ્રમુખશ્રી
(૪) શ્રી મનહરલાલ કેશવલાલ મહેતા–મંત્રીશ્રી
(૫) શ્રી ચંદુલાલ ધનજીભાઈ વોરા–મંત્રીશ્રી
(૬) શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ–મંત્રીશ્રી
(૭) શ્રી હસમુખરાય જયંતીલાલ શાહ–ખજાનચી
(૮) શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ–સભ્યશ્રી
(૯) શ્રી ચીમનલાલ ખીમચંદ શેઠ–સભ્યશ્રી
(૧૦) શ્રી પ્રવિણચંદ્ર જગજીવનદાસ સંઘવી–સભ્યશ્રી
(૧૧) શ્રી ભાસ્કરરાય વ્રજલાલ વકીલ–સભ્યશ્રી
(૧૨) શ્રી નટવરલાલ પ્રભુદાસ શાહ–સભ્યશ્રી
(૧૩) શ્રી હર્ષદરાય અમૃતલાલ સલોત–સભ્યશ્રી
(૧૪) શ્રી નવીનચંદ્ર નગીનદાસ કામદાર–સભ્યશ્રી
(૧૫) શ્રી મનીષકુમાર રસીકલાલ મહેતા–સભ્યશ્રી
(૧૬) શ્રી વિરેન્દ્રકુમાર વિનયચંદ સંઘવી–સભ્યશ્રી
(૧૭) શ્રી નિરંજનભાઈ પ્રતાપરાય સંઘવી–સભ્યશ્રી
(૧૮) શ્રી ધનવંતરાય લક્ષ્મીચંદ શાહ–સભ્યશ્રી

## કિંમત કેટલી?

ગ્રીષ્મ ઋતુમાં એટલે કે કેરીની સિઝનમાં સુંદર મજાની રાજાપુરી કેરી લાવો, પરંતુ એ કેરીને દબાવતાં એક તોલો પણ રસ ન નીકળે, તો તે રાજાપુરી કેરીની કિંમત કેટલી?

સુંદર મજાનું અલંકારોથી યુક્ત સુશોભિત શરીર હોય, પરંતુ એ શરીરમાં આત્મા ન હોય, તો એ શરીરની કિંમત કેટલી?

ધંધાની સિઝનમાં લાખોનો વેપાર કર્યો હોય, પરંતુ એક રૂપિયાનો પણ નફો ન હોય તો એ વેપારની કિંમત કેટલી?

એવી જ રીતે જિંદગીમાં કલાકો સુધી પ્રવચનો સાંભળ્યા હોય, પરંતુ જીવનમાં એનું જરા પણ આચરણ ન આવ્યું તો એ માનવજીવનની કિંમત કેટલી? માટે હંમેશા પ્રવચનોનું શ્રવણ કરી, થોડું પણ આચરણમાં ઉતારી જીવનને કિંમતી બનાવો.

# મેસર્સ સુપર કાસ્ટ


૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

**Manutacturer's of C.I. Casting. ✆ : 445428–446598**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

A L A N K A R



PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE

We Support your Back-Bone

ALANKAR FURNITURE

VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR

*With Best Compliments From :*

JACOB ELECTRONICS
PVT. LTD.

Mfrs. Audio cassettes, components
and compect disc Jewel boxes.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsnl.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નાલાયક

*સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ.સા.ની નોંધપોથીમાંથી સાભાર*

અનેક પ્રકારની ભાષાદિની પંડિતાઈ મેળવીને જે મનુષ્યો ગર્વ ધારણ કરે છે તે મનુષ્યત્વને યોગ્ય નથી. અન્ય મનુષ્યોની ગમે તે રીતે હલકાઈ કરીને પોતાનો ઉત્કર્ષ કરવાને માટે જે પ્રયત્ન કરે છે તે બુઝાતા દીપકના તેજની ઉપમાને ધારણ કરે છે. જેઓના મનમાં બીજાઓનો ઉત્કર્ષ સહન થતો નથી તેઓની પંડિતાઈમાં ધૂળ જાણવી.

અધ્યાત્મયોગમાં રમણતા કરનારની બાહ્ય વિદ્વત્તા સફળ થાય છે. પ્રશસ્ય પ્રેમમય જેની દૃષ્ટિ બની નથી તેની આંખમાં દ્વેષનો વિકાર ક્ષણે ક્ષણે ઉત્પન્ન થયા કરે છે.

પોતાના આત્માના જ્ઞાનાદિ ગુણો પ્રગટાવવાની ઈચ્છા જેના મનમાં થઈ નથી તે મૂઢ જીવદયાને પાત્ર ઠરે છે. જે શ્રાવકોમાં શ્રાવકોના એકવીશ ગુણ આવ્યા નથી તેઓએ સાધુ વગેરે બીજાની નિંદામાં ન પડતાં ઉપર્યુક્ત ગુણોને પ્રાપ્ત કરવા જોઈએ.

સાધુઓએ પોતાના આચારો ને સુવિચારોથી પૃથ્વીને શોભાવવી જોઈએ. ઉત્તમ ચારિત્ર્ય વિશિષ્ટ મૌનાવસ્થાથી પણ બીજા માણસો પર ચારિત્રની જે અસર કરી શકાય છે તે ઉત્તમ ચારિત્ર વિહિન દશા વિશિષ્ટ ચારિત્રોપદેશથી કદી અસર કરી શકાતી નથી.

મૌન રહીને પણ જે સદ્ગુણોને ઉપાર્જન કરે છે તેઓના ગુણોની સુવાસ બોલ્યા વિના સર્વત્ર પ્રસર્યા કરે છે.

લોકોમાં કીર્તિ વધે યા અમુક પ્રકારના સ્વાર્થની સિદ્ધિ થાય યા મારૂં નામ પ્રખ્યાતિમાં આવે ઈત્યાદિ અપ્રશસ્ય ઈચ્છાઓનો ત્યાગ કરીને ઉત્તમ ચારિત્રમાં પ્રયત્ન કરવાથી લોકોને સન્માર્ગે વાળી શકાય છે. કેટલાક નહિ બોલનાર અને ઉત્તમ સદ્ગુણ ચારિત્ર ધારણ કરનાર મનુષ્યોને જોઈને ઘણા લોકો પોતાની મેળે તેવા પ્રકારના ઉત્તમ ચારિત્રગુણી થવાને માટે પ્રયત્ન કરે છે.

ઉત્તમ ચારિત્ર હોય અને ઉત્તમ ઉપદેશ દેવાની શક્તિ હોય છે તો દૂધમાં સાકર ભળ્યા જેવું થાય છે.

અહંકાર ત્યાગીને પંડિતપણું પ્રાપ્ત થતાં ઉત્તમ સદ્ગુણમય ચારિત્રમાર્ગમાં યત્ન કરીને વિદ્વત્તાની સફળતા કરવી જોઈએ.

બહુ બોલવા કરતાં થોડું બોલીને પોતાના ગુણો વડે બીજાઓ પર સારી અસર કરવી જોઈએ.

*(પાદરા, તા. ૭-૩-૧૯૧૨)*

* * *

**મૌન રહીને પણ જે સદ્ગુણોને ઉપાર્જન કરે છે, તેઓના ગુણોની સુવાસ બોલ્યા વિના સર્વત્ર પ્રસર્યા કરે છે.** *—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ.સા.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्वदोषमार्जनाकार्यतत्परः स्याज्जनो यदि ।
तदाऽन्यदोषवीक्षायां सावकाशो भवेत् कुतः ? ॥

卐

પોતાના દોષોના માર્જનમાં માણસ જો તત્પર બને તો બીજાના દોષ જોવાની પંચાતમાં પડે જ નહિ, પડવાનો વખત જ એને મળે નહિ. ૩

卐

If person be engaged in cleaning his faults, whence would he find leisure to find faults with others ? 3

*(કલ્યાણભારતી ચેપ્ટર-૯, ગાથા-૩, પૃષ્ઠ-૧૮૯)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
C/o. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only